## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-6** **ગુજરાતી** **સપ્ટેમ્બર, 2020**

**સમય-1 કલાક** **કુલ ગુણ : 25**

**(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સમજી શકે છે.

**પ્રશ્ન -1 આપેલ શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.** (05)

(વાંહે, સંધિયા, ભણી, ઢુંકડો, ઝાલોને)

ગાડા ........... આવીને હરખચંદ વાણિયો ગાડામાં કોથળો નાંખવા જાય છે, ત્યાં તો બળદોને ડચકારો કરી કહળસંગે ગાડું હાંકી મૂક્યું. મોર્ય ગાડું ને ........... હરખચંદ શેઠ બજાર સોંસરવા થઈને છેક ગામની ભાગોળે આવ્યા. શેઠિયે રાડ્ય પાડી: 'એ...ઈ કહળસંગભૈ ! ઘડીવાર બળદોને તાણી .......... ! માથે અઢી બે મણ ભાર છે ઈતો જુઓ.' 'શું કરું શેઠ ! આ ........... બળદિયા બઉ પાણિયાળા છે. ઘર .......... વહેતા થિયા પછી તાણી ઝાલ્યા રહેતા નથી.'

અ.નિ. સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે.

**પ્રશ્ન-2 પ્રશ્નોના જવાબ લખો.** (05)

1. 'માણસાઈના દીવા' એટલે શું ?
2. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' એટલે શું ?
3. 'સ્વમૂલ્યાંકન' એટલે કેવું મૂલ્યાંકન ?
4. 'સીમ સાદ કરે છે' એટલે શું ?
5. મહા મહિનાની વદ ચૌદસ એટલે કયો દિવસ ?

અ.નિ. પરિચિત પ્રસંગો, સ્થળો કે પરિસ્થિતિનું વર્ણન કરી શકે છે.

**પ્રશ્ન-3 આપેલ પરિસ્થિતિમાં તમે શું કરશો તે લખો.** (05)

1. તમને રસ્તા પરથી બિસ્કીટ ભરેલી થેલી મળે તો...
2. તમારા મનપસંદ ક્રિકેટર તમને રસ્તામાં મળે તો...
3. તમે રાત્રે ગૃહકાર્ય કરવા બેસો અને લાઈટ બંધ થઇ જાય તો...
4. તમારા શિક્ષક અચાનક તમારા ઘરે આવી જાય તો...
5. રમતાં રમતાં તમારો મિત્ર પડી જાય તો...

અ.નિ. આશરે ૩૦૦૦ જેટલા શબ્દો સમજી તેનો વ્યાવહારિક ઉપયોગ કરી શકશે.

**પ્રશ્ન -4 સૂચના પ્રમાણે લખો.**

1. શબ્દનો ઉપયોગ કરી વાકયો બનાવો. (02)

   (i) ઢગલેઢગલા, ઠેરઠેર (ii) દાતરડાં, સીમ

2. લીટી દોરેલ શબ્દને સ્થાને ગુજરાતી શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો. (01)

   - મહેશ ઘઉં લેવા માટે અનાજના <u>સ્ટોર</u> પર ગયો.

3. વિરુદ્ધ અર્થ આપતા શબ્દો લખો. પરદેશ, હાજર (02)

અ.નિ. કોઈ એક શબ્દ કે વિચાર પરથી ફકરાનું લેખન કરી શકે છે. (05)

**પ્રશ્ન -5 વર્ષાઋતુમાં તમારી આસપાસના વાતાવરણમાં તમને જોવા મળેલ ફેરફાર વિશે પાંચ વાક્ય લખો.**